પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦ કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./સ્કાય લેન્ટર્ન/ચા.દોરા/ ૨૧૮ /૨૦૨૧ તારીખ ૦૯/૦૧/૨૦૨૧

## જાહેરનામું

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩( ૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧) (ખ) (ભ) ૧૧૩ અન્વયે કાઢેલ હુકમ :-

વંચાણે લીધા :-

સંદર્ભ :- ગુજરાત સરકાર ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૮.૦૧.૨૦૨૧ આધારે.

તારીખ ૧૪-૧૫/૦૧/૨૦૨૧ નારોજ વડોદરા શહેરમાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ/વાસી ઉતરાયણ)/ પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને વડોદરા શહેર વિસ્તારમાં સામાન્ય સંજોગોમાં ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારની ઉજવણી માટે ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં લોકો એકત્રીત થતા હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રીત થવાથી કોરોના સંક્રમણ વધવાની શકયતા રહેલી છે. આથી, વડોદરામાં હાલમાં પ્રવર્તમાન COVID-19 ની પરિસ્થિતિ ધ્યાને લેતા તા-૦૯/૦૧/૨૦૨૧ થી તા,૧૭/૦૧/૨૦૨૧ સુધી કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સલામતી સાચવવા નીચે મુજબની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી છે.

વાસ્તે, હું ડો.શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ (G.P.Act)ની કલમ ૩૩(૧) (ખ) (ભ) ૧૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૦૯/૦૧/૨૦૨૧ના કલાક ૨૧:૦૦ થી તારીખ ૧૭/૦૧/૨૦૨૧ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(A) કોઇપણ વ્યક્તિએ જાહેર સ્થળો/ખુલ્લા મેદાનો/રસ્તાઓ વગેરે પર એકત્રીત થઇ પતંગ ચગાવી શકશે નહી.

(B) પ્રવર્તમાન મહામારીની પરિસ્થિતિમાં ઉત્તરાયણનો તહેવાર પોતાના પરિવારના નજીકના સભ્યો સાથે જ ઉજવવામાં આવે તે સલાહભર્યું છે.

(C) માસ્ક વિના કોઇપણ વ્યક્તિને મકાન/ફલેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રીત થઇ શકશે નહી. ત્યાં ઉપસ્થિત લોકોએ સોશિયલ ડીસ્ટન્સીંગનું પાલન અને સેનેટાઇઝરની વ્યવસ્થા ફરજિયાત પણે કરવાની રહેશે.

(D) મકાન/ફલેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સિવાયની કોઇપણ વ્યક્તિને પ્રવેશ આપવાનો રહેશે નહી.ફલેટ/રહેણાંક સોસાયટી સંબંધીત કોઇપણ સુચનાઓના ભંગ બદલ સોસાયટી/ફલેટના સેક્રેટરી/અધિકૃત વ્યક્તિઓ જવાબદાર રહેશે અને તેઓ વિરુધ્ધ નિયમાનુસારની કાયદેસરકાર્યવાહી કરવામાં આવશે.

(E) મકાન/ફલેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકોના એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે.



Scanned with CamSca

(F) મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડી.જે અથવા કોઇપણ પ્રકારની મ્યુઝીક સિસ્ટમ વગાડવાથી ભીડ એકત્રીત થવાથી સોશિયલ ડીસ્ટન્સીંગનો ભંગ થવાની તેમજ કોરોના સંક્રમણ વધવાની શકયતા હોવાથી લાઉડ સ્પીકર ડી.જે તેમજ મ્યુઝીક સિસ્ટમનો ઉપયોગ ઉપર પ્રતિબંધિત રહેશે.

(G) ૬૫ વર્ષથી વધુ વયના વયસ્ક વ્યક્તિઓ, અન્ય રોગોથી પીડીત વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી વયના વ્યક્તિઓ ઘરે રહે તે સલાહભર્યુ છે.

(H) કોઇપણ વ્યક્તિ જાહેર જનતાની લાગણી દુભાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઇ પણ પ્રકારના લખાણો/સ્લોગન/ચિત્રો પતંગ પર લખી શકશે નહી.

(I) નામદાર સુપ્રિમ કોર્ટ/હાઇકોર્ટ તથા એન.જી.ટી ની સુચનાઓ અન્વયે ચાઇનીઝ સ્કાય લેંટર્ન .ચાઇનીઝ તુક્કલ, સ્કાય લેંટર્ન સિંથેટીક/કાંચ પાયેલા માંઝા ,પ્લાસ્ટીક દોરી વિગેરે પર પ્રતિબંદિત રહેશે .આ અંગે ગૃહ વિભાગના તા,૨૯/૧૨/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:વિ-૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો. ૦૨ (પા.ફા.) થી અપાયેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

(J) જે વ્યક્તિઓ વડોદરા શહેરમાં જુદા-જુદા સ્થળોએ આવેલ પતંગ બજાર જેવા કે માંડવી થી ગેંડી ગેંટ તેમજ માંડવી ની ચારે તરફના રોડ,રાવપુરા રોડ,ચકલી સર્કલ, ગોત્રી રોડ, વિગેરેની મુલાકાત લે ત્યારે Covid-19 સંબંધી દિશાનિર્દેશો (Protocol) નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.અને વ્યક્તિઓની સંખ્યા મર્યાદીત રહે તે માટે પોલીસ કર્મચારીઓને સહકાર આપવાનો રહેશે.

(K) COVID-19 સંદર્ભે રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામા/ માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(L) ગૃહ વિભાગના તા.૦૯/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી આપવામાં આવેલ દિશાનિર્દેશોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(M) અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અત્રેની કચેરીના પત્ર (૧) ક્રમાંક:/જી/સીપી/વિ.શા/ સ્કાય લેંટર્ન/ચાયનીઝ/૫૧૪૮/૨૦૨૦ તા.૨૯/૧૨/૨૦૨૦ (૨) ક્રમાંક:/જી/સીપી/વિ.શા/ ૫૧૭૯/૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ (૩) ક્રમાંક:/જી/સીપી/જાહેરનામું –Unlock/૫૧૭૮/ ૨૦૨૦ તા.૩૧/૧૨/૨૦૨૦ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે તેમા આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## અમલવારીનો સમય અને વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૦૯/૦૧/૨૦૨૧ના કલાક ૨૧:૦૦ થી તારીખ ૧૭/૦૧/૨૦૨૧ના કલાક ૨૪:૦૦ સુધીનો અમલ રહેશે.

## શિક્ષા:

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ.૧૮૮ તથા The Disaster Management Act, 2005 તથા ગુજરાત પોલીસ અધિનિયમ (G.P.Act) ૧૯૫૧ની કલમ ૧૩૧, ૧૧૭ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## જાહેર વિજ્ઞાપન

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

Scanned with CamSca

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર રેટમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નર દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ.૧૮૮ તથા The Disaster Management Act, 2005 તથા ગુજરાત પોલીસ અધિનિયમ (G.P.Act) ૧૯૫૧ની કલમ ૧૩૧, ૧૧૭ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :- ૯ માહે - જાન્યુઆરી - ૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા.

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>જય ભારતસહ નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે., વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજીશ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned with CamScanner

ગુજરાત સરકાર
ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
**તા.૦૮.૦૧.૨૦૨૧.**

**હુકમ :-**

તા.૧૪-૧૫/૦૧/૨૦૨૧ના રોજ ઉત્તરાયણ તથા વાસી- ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. સામાન્ય સંજોગોમાં ઉત્તરાયણ તથા વાસી ઉત્તરાયણના તહેવારની ઉજવણી માટે ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાથી કોરોના સંક્રમણ વધવાની શકયતા રહેલી છે. આથી, રાજયમાં હાલમાં પ્રવર્તમાન COVID-19ની પરિસ્થિતિ ધ્યાને લેતાં તા.૦૯.૦૧.૨૦૨૧ થી તા.૧૭.૦૧.૨૦૨૧ સુધી નીચે મુજબની સૂચનાઓ અમલમાં મુકવામાં આવે છે :

1. કોઇપણ જાહેર સ્થળો/ખુલ્લા મેદાનો/રસ્તાઓ વગેરે પર એકત્રીત થઇ શકાશે નહી તેમજ પતંગ ચગાવી શકાશે નહી.
2. પ્રવર્તમાન મહામારીની પરિસ્થિતિમાં ઉત્તરાયણનો તહેવાર પોતાના પરિવારના નજીકના સભ્યો (close family members only) સાથે જ ઉજવવામાં આવે તે સલાહભર્યુ છે.
3. માસ્ક વિના કોઇપણ વ્યકિતને મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રિત થઇ શકશે નહી. ત્યાં ઉપસ્થિત લોકોએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અને સેનેટાઇઝરની વ્યવસ્થા ફરજિયાતપણે કરવાની રહેશે.
4. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સિવાયની કોઇપણ વ્યકિતને પ્રવેશ આપવાનો રહેશે નહી. ફ્લેટ/રહેણાંક સોસાયટી સંબંધીત કોઇપણ સૂચના/ઓના ભંગ બદલ સોસાયટી/ફ્લેટના સેક્રેટરી/અધિકૃત વ્યકિતઓ જવાબદાર રહેશે અને તેઓ વિરુધ્ધ નિયમાનુસારની કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.
5. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકોના એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે.
6. મકાન/ફ્લેટના ધાબા/અગાસી કે સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર,ડી.જે. અથવા કોઇ પણ પ્રકારની મ્યુઝીક સિસ્ટમ વગાડવાથી ભીડ એકત્રિત થવાથી સોશિયલ ડિસ્ન્સીંગનો ભંગ થવાની તેમજ કોરોના સંક્રમણ વધવાની શકયતા હોવાથી લાઉડ સ્પીકર ડી.જે. તેમજ મ્યુઝીક સિસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.
7. ૬૫ વર્ષથી વધુ વયના વયસ્ક વ્યકિતઓ, અન્ય રોગોથી પીડીત વ્યકિતઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી વયના વ્યકિતઓ ઘરે રહે તે સલાહભર્યુ છે.
8. કોઇપણ વ્યકિત જાહેર જનતાની લાગણી દુભાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઇ પણ પ્રકારના લખાણો/સ્લોગન/ચિત્રો પતંગ પર લખી શકશે નહી.
9. નામ. સુપ્રિમ કોર્ટ/ હાઇકોર્ટ તથા NGT ની સૂચનાઓ અન્વયે ચાઇનીઝ સ્કાય લેન્ટર્ન, ચાઇનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન,સિન્થેટીક/કાંચ પાયેલા માંઝા, પ્લાસ્ટીક દોરી વિગેરે પર પ્રતિબંધિત રહેશે. આ અંગે ગૃહ વિભાગના તા.૨૯.૧૨.૨૦૨૦ના પત્ર ક્રમાંક:વિ-૨ /ડી.એસ.એમ./૧૩૨૦૧૬ /હા.કો.૦૨(પા.ફા.)થી અપાયેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

Scanned with CamSca

10. જે વ્યકિતઓ રાજયમાં જુદા-જુદા સ્થળોએ આવેલ પતંગ બજાર જેવા કે અમદાવાદ શહેરમાં આવેલ રાયપુર, ટંકશાળ, નરોડા વિગેરે ની મુલાકાત લે ત્યારે Covid-19 સંબંધી દિશાનિર્દેશો(Protocol)નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને વ્યકિતઓની સંખ્યા મર્યાદીત રહે તે માટે પોલીસ કર્મચારીઓને સહકાર આપવાનો રહેશે

11. COVID-19 સંદર્ભે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામા/ માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

12. ગૃહ વિભાગના તા.૦૯.૧૦.૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી આપવામાં આવેલ દિશાનિર્દેશોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

13. રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં લાગુ કરવામાં આવેલ કર્ફ્યુનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોકત તમામ સૂચનાઓના અસરકારક અમલીકરણ માટે પોલીસ દ્વારા પૂરતો બંદોબસ્ત તેમજ પેટ્રોલીંગ રાખવાનું રહેશે તથા જરૂરિયાત અનુસાર ડ્રોન તેમજ સી.સી.ટી.વી. મારફતે પણ Surveillance રાખવાનું રહેશે.

ઉપરોકત સૂચનાઓનું ઉલ્લંઘન કરનાર વ્યકિત The Disaster Management Act, 2005 તેમજ The Indian Penal Code, 1860ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.નિરાલા)
અધિક સચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.(પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/– આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ – ૨૦૨૧.

Scanned with CamSca